ક્રમાંક/યોજના/ડીઝાસ્ટર/૨૦૧૯
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
બહુમાળી ભવન, ભાવનગર
તા.૧૪/૦૫/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી,RMSA,ગ્રાન્ટેડ,નોન ગ્રાન્ટેડ,

માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

જિ.ભાવનગર

વિષય : જિલ્લાની શાળાઓમાં ચોમાસા પહેલા જરૂરી તૈયારી કરવા અને યોગ્ય સલામતીના પગલા લેવા બાબત.

સંદર્ભ : માન.કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને તા.૧૩/૦૫/૨૦૧૯ ના રોજ મળેલ મીટીંગ.

ઉપરોક્ત વિષય સંદર્ભે નિચે જણાવેલ મુદ્દાઓ માટે યોગ્ય કાર્યવાહી તા.૩૧/૦૫/૨૦૧૯ પહેલા પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

1. છત કે ધાબા પર આવેલ સ્પાઉટ ચોમાસા પહેલા અને ચોમાસામાં સમયાંતરે સાફ કરવા.
2. ધાબા કે છત પર રહેલ ફર્નીચર કે અન્ય સામાનનો યોગ્ય સ્થળે ખસેડવો.
3. શાળામાં જે ઇલેક્ટ્રિક વાયર ખુલ્લા હોય કે અર્થીંગ પ્રોબ્લેમ હોય તો તુરંત જ એસ.એમ.સી.દ્વારા રીપેરીંગ કરાવવા.
4. શાળા કેમ્પસમાં આવેલ જર્જરિત કે ડીમોલેશન પાત્ર ઓરડા, ટોયલેટ, સેપ્ટીક ટેન્ક, ખાળકુવા કે અન્ય ભૌતિક સુવિધાની ફરતે બેરીકેડ કે આડશ ઉભી કરી ભયજનક સૂચક બોર્ડ લગાવવા.
5. શાળામાં રેઇન વોટર હાર્વેસ્ટીન્ગ સિસ્ટમ પાણીનાં ટાંકા, સેપ્ટીક ટેન્ક, ખાળકુવા હોય તેની નજીક બાળકોને જવા દેવા નહી અને આ બાબતની સૂચના દર્શાવતું બોર્ડ લગાવવું.
6. શાળાની ટાંકી ખુલ્લી રહેતી હોય તો તેને ઢાંકણ લગાવવા અને મેદાનમાં ક્યાય પણ પાણી ભરાતું હોય તો મચ્છર ન થાય તે માટેના પગલા લેવા.
7. પુર સંભવિત ક્ષેત્રમાં શાળાના અગત્યના ડોક્યુમેન્ટને શાળામાં જ સુરક્ષિત સ્થળે રાખવા.
8. દવાઓ, ફાનસ, ટોર્ચ, સ્વચ્છ કપડા, પેક ખાદ્ય પદાર્થ સહિતની ઈમરજન્સી કીટ તૈયાર રાખવી.
9. શાળા મેદાનમાં આવેલ નમી ગયેલા કે તૂટી ગયેલા કે તૂટી પડવાની તૈયારીમાં હોય તેવી વૃક્ષોની ડાળીઓને દૂર કરવી.
10. પુર વાવાઝોડાની પરિસ્થિતિમાં શાળામાં આશ્રય થતો હોય, ઓરડામાં જરૂરી લાઈટની વ્યવસ્થા રાખવી.

Scanned by CamScanner

11. શાળાના આચાર્ય/સ્ટાફનો જરૂર પડે સંપર્ક પડે સંપર્ક કરી શકાય તે માટે મોબાઈલ નંબર નોટીસ બોર્ડ પર દર્શાવવો.
12. અગત્યના ડોક્યુમેન્ટ/ફાઈલના કાગળો સ્કેન કરી, સોફ્ટ કોપીમાં બેકઅપ તરીકે રાખવા.
13. પુર/ભારે વરસાદનાં સમયે આગમચેતી રૂપે બાળકોને શું કરવું અને શું ન કરવું તેનું અગાઉથી જ માર્ગદર્શન આપવું.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂં</u>

શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી
સદર કચેરી

Scanned by CamScanner